* M B M - 0 0 1 - 0 0 1 2 1 2 5 - 5 0 - 4 *

**MBM-001-0012125** Seat No. ________

# B. A. (Sem. II) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati

***(Vyakaran, Sarjan - Lekhan Kaushal - II)***

***(ગદ્ય ગુજરાતીના વિકલ્પો : ગુજરાતી વ્યાકરણ સર્જન - લેખન કૌશલ્ય - ૨)***

***(Second Subsidiary) (Old Course)***

**Faculty Code : 001**

**Subject Code : 0012125**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

**૧** નીચેના આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

''દરેક જમાનાનું સાહિત્ય પોતાના જમાનાની વસ્તુસ્થિતિ રજૂ કરે છે. અને તેના સત્યને હૃદયંગમ્ય કરે છે. વિવેચન, દેવ આગળ ધરાવેલા દીપની પેઠે સર્જન સાહિત્યનું અર્ચન કરે છે. તેમાં સૌંદર્ય સ્ફૂટ કરે છે, એટલું જ નહિ, તેને જીવતું પણ રાખે છે. વિવેચન એ સાચા જીવતા સર્જન સાહિત્યનો વાઙમય પ્રાણ-ધબકાર છે. વિવેચનથી જ સર્જન સાહિત્ય નવે નવે યુગે નવતા ધારણ કરે છે. નવયુગ અભિમુખ થાય છે, નવા યુગને ગ્રાહ્ય થાય છે. સાચું સર્જન અને સાચુ વિવેચન ભાવના, ચિંતન અને વિચારોને ભાવિ ઝોક પણ બતાવે છે ? સર્જન અને વિવેચન બંને પોતપોતાના જમાનાની જીવન ફિલસૂફી ઘડે છે.''

**- રા. વિ. પાઠક**

**અથવા**

''પ્રાણીમાત્ર તરફ સમભાવ, અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા મનુષ્ય જ નહીં, પરંતુ પશુપક્ષી, કૃમીકીટકો આદી તમામ જીવો પ્રત્યે એ ભાવના કાયમ રહેવી જોઈએ. આપણા દેશમાં પશુપક્ષીઓને ન મારવા અને બનતાં સુધી કૃમિકીટકોને પણ બચાવી લેવા એટલો જ અહિંસાનો અર્થ માનવમાં આવતો હતો કોઈનું ખૂન કરવું એ તો હિસાં છે જ. પરંતુ કોઈ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો એ પણ હિંસા છે. દુનિયામાં ચાલતી સૌથી મોટી હિંસા એ છે. એમાંથી જ યુદ્ધ વગેરે હિંસાના ભયાનક રૂપો પ્રગટ થાય છે. પોતાના સુખ, આરામ અને ફાયદાને માટે બીજાના સુખ, આરામ, હિત, પ્રત્યે બેદરકાર બનવું એ છે રોજની હિંસા એનાથી બચવા માટે રોજ પોતાના અંતરને ઢંઢોળીને જોવું જોઈએ કે મેં મારા કોઈ સાથી પ્રત્યે અનુદાર વર્તન તો નથી કર્યું ને ? એને કાચી રોટલી આપીને મેં પોતાને માટે પાકી રોટલી તો નથી લીધીને ? પોતાના પાડોશીને બીમાર જોયા છતાંય તેની સેવાને માટે જવાનું મેં ટાળ્યું તો નથી ને ? આ બધાં હિંસાના લક્ષણ છે ? જેટલા માણસોના સંબંધમાં આપણે આવીએ છીએ તેના પ્રત્યે સ્વભાવથી જ નાજુક ખ્યાલ રાખવો એ અહિંસાનું સાચુ સ્વરૂપ છે.''

- **કાકા કાલેલકર**

૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **૧૪**

''મેં નાનપણથી જોયું છે કે સત્ય બોલવું, સત્યની ઘોષણા કરવી અને સત્ય શોધવું એ મનુષ્યને માટે સહજ છે. સ્વાભાવિક છે. સત્યનિષ્ઠા ખરું જોતા કેળવવી પડતી નથી. સમાજ અને ખાસ કરીને મા-બાપ બાળકોમાં જાણ્યે અજાણ્યે અસત્યનિષ્ઠા ઉપજાવે છે. કેળવે છે એ અસત્યનિષ્ઠા દૃઢમૂળ થયા પછી જયારે માણસ પસ્તાય છે ત્યારે માણસને મૂળ સ્વાભાવિક સ્થિતિ પર આવવા માટે પ્રત્યન કરવો પડે છે. અસત્યનિષ્ઠા ઉતારવાનો ! એમાં જો એ ફાવ્યો તો સત્યનિષ્ઠા એની મેળે પ્રગટ થાય છે, કેમ કે એ પહેલેથી ત્યાં હતી જ નાના બાળકો જેવું જુએ છે, સમજે છે અને ઇચ્છે છે તેવું સીધેસીધુ પોતાને આવડે તેવી ભાષામાં બોલી જાય છે. એ આગળ જતાં અગવડરૂપ જણાય, ત્યાં એ મૂંઝાય છે. કેટલાક બાળકો તો ઘણું મૂંઝાયા છતાં એમને સત્યને બદલે બીજું શું કહેવું એ સૂઝતું નથી અરે, સત્યની માગણી થાય ત્યારે મૂંગા બેસી જવું અને બચી જવું એ પણ એમને માટે અશક્ય છે. કોઈ માંત્રીક મંત્ર બોલે અને સાપ લાચારીથી પોતાના દર માંથી બહાર આવે, કમને આવે, પણ આવ્યા વગર રહે જ નહિ, તેવી રીતે માણસ સત્યની માગણી આગળ સ્વાભાવિક રીતે મંત્રમુગ્ધ થઈ જેમતેમ સત્યનો એકરાર કરી બેસે છે. એ બળ છે ? સત્યનું અને અખંડ સત્યવ્રત પાળીને સત્યમૂર્તિ થયેલ મૂર્તિનું.''

- **ગાંધીજી**

**અથવા**

''નદીને જો કોઈ ઉપમા આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજ દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીર-ગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાંર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ નદી એ જન સમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ! શહેરનું મેલું વાતાવરણ કયાં ? અને નદીનું પ્રસન્ન દર્શન કયાં ? તરત જ ફેર જણાઈ આવે છે ? નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન કરવું ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે.''

- **કાકા કાલેલકર**

૩ વિરામ ચિહ્નનો એટલે શું ? સમજાવી તેના વિશે વિસ્તૃત નોંધ લખો. **૧૪**

**અથવા**

૩ નીચેના વાક્યોમાં વિરામચિહ્નનો મૂકી વાક્યો ફરીથી લખો : (કોઈ પણ **સાત**) **૧૪**

(૧) વાહ ધન્ય છે તારી ટેકને

(૨) તેના લોચન રાજીવ કમળ સમાન છે.

(૩) હવે તમને કેમ લાગે છે માથું દુઃખે છે.

(૪) મારો જન્મ ૫૩માં થયો હતો.

(૫) અરે કેવો ક્રુર માણસ

(૬) અહા સૂર્યોદય કેવો આહલાદક છે.

(૭) ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગો તમે વાંચી છે.

(૮) ભગવાન બુદ્ધ કહે છે અહિંસા પરમ ધર્મ છે.

(૯) દશરથ રાજાને ત્રણ રાણી કૌશલ્યા સુમિત્રા અને કૈકેયી

(૧૦) મુંજાલ તું જાણે છે હું ગુજરાતની રાજમાતા છું.

૪ નીચેના આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય બનાવો : (કોઈ પણ **સાત**) **૧૪**

(૧) તોલે નો આવવું

(૨) બે પાંદડે થવું

(૩) માથે લેવું

(૪) તારાજ થઈ જવું

(૫) પરવારી જવું

(૬) પુષ્ટિ મળવી

(૭) ફોડી લેવું

(૮) પગ વાળીને બેસવું

(૯) ખીલો થઈ જવું

(૧૦) હડિયાપટી કરવી

**અથવા**

૪ નીચે આપેલી કહેવતોના અર્થ સમજાવો : (કોઈ પણ **સાત**) **૧૪**

(૧) ઘેરઘેર માટીના ચૂલા

(૨) એક સાંધીએ ત્યાં તેર તૂટે

(૩) પારકી માં જ કાન વીંધે

(૪) ઉતાવળે આંબા ન પાકે

(૫) દુકાળમાં અધિક માસ

(૬) પાણી પહેલા પાળ બાંધવી

(૭) બાંધી મૂઠી લાખની

(૮) ઝાઝા હાથ રળિયામણા

(૯) મોરનાં ઈંડાંને ચીંતરવાં ન પડે

(૧૦) ભાવતું હતું ને વૈદે કહ્યું

૫ સમાસ એટલે શું ? તે સમજાવી. દ્વન્દ્વ કર્મધારય તત્પુરુષ, બહુવ્રિહી ઉપપદ સમાસમાંથી કોઈ પણ ત્રણ વિશે નોંધ લખો : **૧૪**

**અથવા**

૫ નીચેનામાંથી કોઈ પણ **સાત** સમાસનો વિગ્રહ કરી ઓળખાવો. **૧૪**

(૧) ભરપેટ

(૨) માયાજાળ

(૩) પાવન સુંદર

(૪) સેવાપૂજા

(૫) પંકજ

(૬) કાવ્ય સંગ્રહ

(૭) જન્મદાતા

(૮) તત્ત્વજ્ઞ

(૯) સ્થિતપ્રજ્ઞ

(૧૦) સારું નરસું